# 75

**રાજ્યને જી.એસ.ટી. કાયદા અન્વયે મળવાપાત્ર વળતર**

***15/4/2537 શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ** (પાટણ) **: માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જી.એસ.ટી.ના વળતરનો પાંચ વર્ષનો સમયગાળો તા.૩૦/૦૬/૨૦૨૨ના રોજ પૂર્ણ થયેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેન્દ્ર સરકાર પાસેથી કેટલી રકમ મેળવવાની થાય છે, | (૨) ₹૧૬૭૨.૩૫ કરોડ |
| (૩) ઉક્ત રકમ મેળવવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શા પ્રયાસો કરવામાં આવ્યા, અને | (૩) ધી ગુડ્ઝ એન્ડ સર્વિસીસ ટેક્સ(કોમ્પેન્સેશન ટુ સ્ટેટ્સ) એક્ટ, ૨૦૧૭ની કલમ-૭ની જોગવાઇ મુજબ એકાઉન્ટન્ટ જનરલશ્રી દ્વારા આવકનું ઑડિટ પ્રમાણપત્ર સમયસર મળે તે માટે સંકલન કરવામાં આવેલ છે. વધુમાં, રાજ્યના નાણા વિભાગ દ્વારા કેન્દ્રીય નાણા મંત્રાલય સાથે સંકલન કરવામાં આવેલ છે. |
| (૪) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ક્યારે શા પ્રતિભાવો મળ્યા ? | (૪) GST વળતર પેટે કુલ ₹૧૧૫૫૭.૯૪ કરોડ લેવાના બાકી હતા જે પૈકી ₹૯૮૮૫.૫૯ કરોડ મળેલ છે. જ્યારે, બાકીની રકમ માટે તાજેતરમાં જ એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી તરફથી મળેલ પ્રમાણપત્ર ભારત સરકારને મોકલી આપેલ છે. |

------------------